
# ગાયત્રી

# શક્તિ સ્રોત-સવિતા દેવતા



વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં૦ શ્રીરામ શર્મા આચાર્ય

# ગાયત્રીનો
# શક્તિસ્રોત—સવિતા દેવતા

લેખક
પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક
યુગનિર્માણ યોજના,
ગાયત્રી તપોભૂમિ, મથુરા - ૨૮૧૦૦૩. (ઉ.પ્ર.)
પ્રાપ્તિ સ્થાન
શાખા : અમદાવાદ
પાટીદાર સોસાયટી, જૂના વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન : ૭૫૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ કિંમત રૂ. ૩-૦૦

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સાવિત્રી અને સવિતાનો સંબંધ | ૩ |
| ૨. | ગાયત્રીનો શક્તિસ્રોત—સવિતા દેવતા | ૧૦ |
| ૩. | ધ્યાનસાધનાથી શક્તિઓનો વિકાસ | ૨૧ |
| ૪. | સવિતા પર એક વૈજ્ઞાનિક દૃષ્ટિ | ૨૮ |



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ગાયત્રી શક્તિસ્રોત—સવિતા દેવતા

## સાવિત્રી અને સવિતાનો સંબંધ

ગાયત્રી ચારેય વેદોની માતા હોવા છતાં એક વેદમંત્ર પણ છે. વેદના દરેક મંત્રનો એક છંદ, એક ઋષિ અને એક દેવતા હોય છે. ગાયત્રી મહામંત્રનો ગાયત્રી છંદ, વિશ્વામિત્ર ઋષિ અને સવિતા દેવતા છે. વાતચીતની ભાષામાં સવિતાનો અર્થ સૂર્ય થાય છે. ગાયત્રી સવિતાની અધિષ્ઠાત્રી દેવી હોવાના કારણે ગાયત્રીનું બીજું નામ સાવિત્રી પણ છે. સવિતા અને સાવિત્રીનું યુગલ પ્રખ્યાત છે. કહે છે કે સાવિત્રીમાં જે શક્તિ છે એ સવિતાની છે. આમ તો પરબ્રહ્મ પરમાત્માને જ સવિતા કહેવાય છે અને તેની પ્રેરક, સંચાલક અને નિર્માત્રી ચેતનાશક્તિ ગાયત્રીને સાવિત્રી કહી શકાય છે. આ જ્ઞાનદૃષ્ટિ થઈ. વૈજ્ઞાનિક દૃષ્ટિમાં સવિતાને પરમાત્માનો તેજપૂંજ-બ્રહ્મ કહે છે. તેના પ્રભાવ અને પ્રકાશમાં આ આખું દૃશ્યજગત સક્રિય રહે છે. એ સવિતાની સમગ્ર સ્થિતિ અને ક્ષમતાને-પ્રાણપ્રક્રિયાને સાવિત્રી માનવામાં આવી છે.

શરીર અને પ્રાણ વચ્ચે જે સંબંધ છે એ જ સવિતા અને સાવિત્રી વચ્ચે છે. પ્રાણીના અસ્તિત્વને પ્રત્યક્ષ કરવા માટે શરીર જોઈએ અને શરીરને જીવતું રાખવા માટે એમાં પ્રાણનું અસ્તિત્વ જરૂરી છે. બંને પરસ્પર આશ્રિત છે. એકના વિના બીજાની ગતિ નથી, સ્થિતિ નથી, ઉપયોગિતા નથી અને શોભા નથી. આ રીતે સવિતા અને સાવિત્રી એકબીજા માટે જોડાયેલાં છે. બંને એક મિશ્ર યુગલ છે. આલંકારિક રીતે સાવિત્રીને સવિતાની પત્ની પણ કહે છે.

સામાન્ય અર્થમાં સવારમાં ઉદય પામનાર, સાંજે આથમનાર અને પ્રકાશ તથા ગરમી આપનાર અગ્નિપિંડ સૂર્ય પણ સવિતા છે. તેની પણ પોતાની શક્તિ અને ક્ષમતા છે. આ સંસારની બધી ક્રિયાઓ તેના પ્રભાવથી થઈ રહી છે. એટલે સ્થૂલ જગતમાં જુદી જુદી હિલચાલો ઉત્પન્ન કરનારી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેની ક્ષમતાને લૌકિક સાવિત્રી કહી શકાય છે. વિજ્ઞાનીઓ આ જ અદૃશ્ય અને અજાણી મહાશક્તિ સાવિત્રીનાં જુદાં જુદાં પાસાં પર શોધખોળો કરવામાં સૃષ્ટિની શરૂઆતથી અત્યાર સુધી પ્રયત્નશીલ છે. તેમણે ઘણું ઘણું મેળવ્યું પણ છે.

અગ્નિતત્ત્વની શોધ કરીને મનુષ્યે જે દિવસે એનો ઉપયોગ જાણ્યો, તે જ દિવસે જાણે કોઈ મહાન શક્તિશાળી દેવતાને મનાવી પોતાના ઘરના આંગણામાં પધરાવ્યો હોય એવો અનુભવ તેણે કર્યો. અગ્નિની શોધે મનુષ્યના અસ્તવ્યસ્ત જીવનને વ્યવસ્થિત બનાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો. એ ઉપરાંત વર્તુળાકાર ગબડવાથી ઉત્પન્ન થતી ગતિની શોધથી તેણે પૈડું બનાવ્યું અને એ રીતે જુદા જુદા પ્રકારનાં વાહનો અને યંત્રો બનાવવાનું શક્ય બન્યું.

આજે તો વીજળી, વરાળ, ઈથર, અણુ વગેરે ક્ષેત્રોમાં કામ કરનારી હજારો શક્તિઓને ઓળખવામાં આવી છે અને એમના આધારે વિજ્ઞાન ઝડપથી આગળ વધી રહ્યું છે. બીજા ગ્રહો, નક્ષત્રો પર ચઢાઈ કરવાની યોજનાઓ બની રહી છે. આ ધરતી પર એક એકથી અદ્‌ભુત શોધોની તૈયારી ચાલે છે. મનુષ્યના શરીરનો કાયાકલ્પ કરીને તેને લાંબા આયુષ્યવાળો બનાવવાની યોજના છે. આ સાવિત્રી શક્તિનાં કેટલાંક પાસાંની જાણકારીનું પરિણામ છે. સાવિત્રી પ્રકૃતિ ચેતનાના સંબંધમાં અત્યાર સુધીમાં જેટલું જાણી શકાયું છે એના કરતાં હજી અનેકગણું જાણવાનું બાકી છે. મર્યાદિત બુદ્ધિવાળો મનુષ્ય અનંતકાળ સુધી નવી નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરતો રહે, તો પણ પ્રકૃતિની અસીમ શક્તિઓની પૂરેપૂરી જાણકારી મેળવી શકવાનું તેને માટે શક્ય બનશે નહિ. સાવિત્રીનો ભંડાર એટલો બધો અપાર છે કે એની કલ્પના પણ આપણે પૂરી રીતે કરી શકીએ એમ નથી.

સાવિત્રી—સવિતાની શક્તિ છે. અગ્નિપિંડ સૂર્ય આ પૃથ્વી પર જે પ્રકારની શક્તિઓને વહેંચે અને વિખેરે છે એની શોધખોળમાં આપણે લાગેલા છીએ, પરંતુ એ જ સૂર્ય બીજા અનેક ગ્રહ-નક્ષત્રો પર ત્યાંની સ્થિતિ પ્રમાણે બીજા પ્રકારની વિચિત્ર અને વિલક્ષણ શક્તિઓનું સર્જન કરે છે. જો સૂર્યથી પ્રભાવિત થતાં આ બધા ગ્રહ-નક્ષત્રો સુધી પહોંચી શકવાનું આપણે માટે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શક્ય બને, તો ખબર પડે કે આપણી આ નાનીશી પૃથ્વી પર અત્યાર સુધીમાં વિકસેલા વિજ્ઞાન કરતાં જુદા જ પ્રકારનું વૈજ્ઞાનિક વાતાવરણ ત્યાં ફેલાયેલું પડ્યું છે.

પૃથ્વીના આકર્ષણમાં આપણે જેટલો ભાર અનુભવીએ છીએ, એટલો આકર્ષણ વિનાના ગ્રહોમાં બિલકુલ નહિ હોય. પક્ષીઓની જેમ દરેક જણ ત્યાં આકાશમાં ઊડી શકશે. આ સંબંધમાં ત્યાં જે વૈજ્ઞાનિક નિયમો કામ કરી રહ્યા હશે, એ આપણી પૃથ્વી પરના પ્રચલિત નિયમોથી જુદા જ હશે. આ તો એક ઉદાહરણ માત્ર છે. સૃષ્ટિમાં ફેલાયેલી અનંત શક્તિઓ એકલી પૃથ્વી પર જ એટલી બધી વ્યાપક છે કે એમની સંપૂર્ણ શોધ મનુષ્યનાં હાલનાં સાધનોથી શક્ય નથી. તો પછી સવિતાના વિશાળ પ્રભાવક્ષેત્ર ગ્રહ-નક્ષત્રોમાં ફેલાયેલી વિચિત્ર સ્તરની શક્તિઓની જાણકારી અને એનાથી લાભાન્વિત થવાની સગવડ તો મળી જ શી રીતે શકશે ? કહેવાનો આશય એ છે કે ચળકતા અગ્નિપિંડ સૂર્ય (સવિતા)ની ક્ષમતા (સાવિત્રી) જ્યારે આટલી વિશાળ છે, તો અસલી સવિતા-પરબ્રહ્મ પરમાત્માની પંચતત્ત્વોથી અત્યંત ઊંચા સ્તરની ચેતના (સાવિત્રી)ના સંબંધમાં તો કહેવું જ શું ?

વિજ્ઞાનીઓ પોતાની પ્રયોગશાળાઓમાં પ્રકૃતિની વિલક્ષણતાઓનું સાવિત્રીની મહાનતાનું થોડું ઘણું જ્ઞાન મેળવવાનો અને એનો ઉપયોગ જાણવાનો પ્રયોગ કરે છે. એમાં એમને જે સિદ્ધિઓ મળે છે એમનાથી સાંસારિક સગવડો વધારવાનો તેઓ પ્રયત્ન કરે છે. આવો જ એક વૈજ્ઞાનિક પ્રયોગ આત્મવિદ્યામાં પારંગત એવા યોગીઓ પણ કરે છે. તેઓ પોતાના શરીર અને મનની પ્રયોગશાળામાં રહેલાં અદ્ભુત અને અજાણ્યાં શક્તિકેન્દ્રોની મદદથી પ્રકૃતિની સૂક્ષ્મતા સાથે પોતાનો સંબંધ જોડે છે અને ત્યાંથી વિલક્ષણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી લે છે. ઋષિમુનિઓનો આધાર આ જ છે.

જે કાર્ય કોઈ શક્તિશાળી યંત્રોથી થઈ શકે છે, એ જ કાર્ય શરીરયંત્રના વૈજ્ઞાનિક પ્રયોગથી પણ થઈ શકે છે. આ પદ્ધતિનું નામ 'તંત્ર' છે. બંદૂકથી કોઈના પ્રાણ લઈ શકાય છે. એ જ રીતે તંત્રોક્ત 'કૃત્યો'થી પણ અનિષ્ટ ઉત્પન્ન કરી શકાય છે. વીજળીથી ધાતુઓના સ્વરૂપને બદલી શકાય છે. એ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ પ્રમાણે તાંબાને સોનામાં બદલવામાં સફળતા મેળવી શકાય છે. કેટલાય સિદ્ધ પુરુષો એ પ્રમાણે કરે છે પણ ખરા. નાગાર્જુન, રાવણ વગેરે આવા જ અસુર સંપ્રદાયના તાંત્રિક વિદ્વાનો હતા. તેમણે કઠિન તપશ્ચર્યાઓ કરીને પોતાનાં શરીરોથી એટલી અણુશક્તિ સંચાલિત કરી હતી કે તેઓ પોતાના મનોબળથી ઇચ્છિત વસ્તુઓ અને પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી લેતા હતા.

દક્ષિણમાર્ગી ઋષિમુનિઓ સાત્ત્વિક યોગસાધનાઓથી આ જ પ્રયોજન પૂરું કરતા હતા. એટલે તેમની પદ્ધતિ મંત્રયોગ કહેવાતી હતી. દક્ષિણ અને વામમાર્ગમાં સાત્ત્વિક અને તામસનો તફાવત હોવાથી એમને મંત્રવિદ્યા અને તંત્રવિદ્યા એવાં જુદાં જુદાં નામ આપ્યાં છે. બંનેનાં પરિણામો લગભગ સરખાં છે. જે ભૌતિક લાભ મંત્રયોગી ઉઠાવી શકે છે, એવો જ ચમત્કાર તંત્રયોગી પણ ઉત્પન્ન કરી શકે છે. સવિતાની મહાશક્તિ સાવિત્રી એક જ છે. એની સાથે સંપર્ક સ્થાપવાની અનેક રીતો હોઈ શકે છે. એમાંની એક રીત શરીરયંત્રને માધ્યમ બનાવીને સાધનાના પ્રયોગની છે. બીજી રીત વૈજ્ઞાનિક પ્રયોગશાળાઓમાં યંત્રોના માધ્યમથી લાભ મેળવવાની છે.

આ યંત્રવિજ્ઞાન એ ક્ષેત્રમાં કામ કરનારા નિષ્ઠાવાન કાર્યકર્તાઓના લીધે સફળતાપૂર્વક કામ કરી રહ્યું છે. તંત્ર અને મંત્ર ક્ષેત્રોના વિજ્ઞાનીઓએ તપશ્ચર્યાની કઠોરતાથી ડરી જઈને મોં અવળું ફેરવી લીધું. પરિણામે ત્યાં સૂમસામ જ જણાઈ રહ્યું છે. આ ક્ષેત્રમાં પણ વૈજ્ઞાનિક તત્પરતા સાથે કામ કરતા રહેવાની જરૂર છે. ઋષિમુનિઓની વાતને કલ્પના ન ગણતાં એ વિજ્ઞાનનો ઉપયોગ માનવજાતિના કલ્યાણ માટે કરવો જોઈએ.

અહીં સવિતા અને સાવિત્રીની વાત થઈ રહી છે. પંચભૌતિક જગતમાં ઉદય પામતો આ સૂર્ય જ સવિતા છે અને એના પ્રભાવથી ઉત્પન્ન થનારી અસંખ્ય શક્તિઓનો પૂંજ જ સાવિત્રી છે. આ યુગલથી આપણને ઘણો લાભ થાય છે. તેના જ પ્રભાવથી આપણે જીવતા રહીએ છીએ અને જોઈતી સાધનસામગ્રી મેળવી રહ્યા છીએ. શ્રુતિઓમાં સૂર્યને "જગતનો આત્મા" જણાવવામાં આવ્યો છે, જેના કારણે પ્રાણીઓ શરીર ધારણ કરી શકે છે, વનસ્પતિઓ ઊગી શકે છે અને પંચતત્ત્વો સક્રિય રહી શકે છે, એ પ્રાણની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉત્પત્તિ આ સૂર્યમાંથી થાય છે. જો સૂર્ય ઠંડો પડી જાય તો જોતજોતામાં આ ધરતી બરફના ગોળાની જેમ ઠરી જાય અને અહીં બધું નિર્જીવ થઈ જાય. એટલે આ અગ્નિપિંડ સવિતાનું પણ આપણા સાંસારિક જીવનમાં અસામાન્ય મહત્ત્વ છે.

સવિતાની રહસ્યમય શક્તિઓનો-સાવિત્રીનો ઉપયોગ આપણે યંત્રોના માધ્યમથી તો કરી જ રહ્યા છીએ. આ ભૌતિકવિજ્ઞાનવાળાઓની જેમ જ આપણે ઈચ્છીએ તો મંત્ર અને તંત્ર યોગો દ્વારા પણ એવા જ લાભ ઉઠાવી શકીએ છીએ. આ સૂર્યયોગ ગમે તે વિધિથી ભલે કરવામાં આવે, પણ સાંસારિક જીવનની સગવડો વધારવા માટે એ ઘણો ઉપયોગી છે. આગળ જતાં આ ઉપયોગિતા વધવાની શક્યતા છે.

ગાયત્રી મંત્રના દેવતા અસલી સવિતા તો આ ઊગતા સૂર્ય કરતાં પણ ઊંચા છે. તેને અસંખ્ય સૂર્યોનો સૂર્ય, પરમશક્તિ સ્રોત, આ સૃષ્ટિનો નિયામક અને પાલક, વિધાતા કહેવામાં આવે છે. તેની સાથે સંબંધ સ્થાપીને જો તેના સાંનિધ્યનો લાભ મેળવી શકાય, તો આંખે દેખાતા સૂર્ય કરતાં આ આધ્યાત્મિક સવિતા આપણને અસંખ્યગણાં સુખસાધનો આપી શકે છે. પરમાત્માની પરમ શક્તિ ગાયત્રીની, સવિતાની અખંડ ક્ષમતા સાવિત્રીની ઉપાસના કરીને જે લાભ માટે આપણને આ માનવશરીર મળ્યું છે એ લાભ થઈ શકીએ છીએ. વાસ્તવમાં ગાયત્રી ઉપાસના, સાવિત્રી સાધના જ આપણું જીવનલક્ષ્ય હોવું જોઈએ.

ગાયત્રીથી સાવિત્રી જુદી હોઈ શકે છે એવો ભ્રમ કોઈએ રાખવો જોઈએ નહિ. એક જ શક્તિનાં એ બે નામ છે. જ્યારે એ શક્તિ ભૌતિક પ્રયોજનોમાં કામમાં આવે છે ત્યારે એને સાવિત્રી કહે છે અને જ્યારે આધ્યાત્મિક પ્રયોજનો માટે એનો ઉપયોગ થાય છે ત્યારે એને ગાયત્રી કહે છે. મડદાને બાળનાર અગ્નિને 'લોહિતા' અને ભોજન પકાવનાર અગ્નિને 'રોહિતા' કહે છે. પ્રયોજન પ્રમાણે અગ્નિનાં આ બે નામ છે. વાસ્તવમાં અગ્નિ એક જ છે. એ જ રીતે આ મહાશક્તિને પરા-અપરા તથા ગાયત્રી-સાવિત્રી કહેવામાં આવે છે. સવિતા-તત્ત્વ સાથે જોડાયેલી હોવાથી એને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાવિત્રી કહે છે. સાવિત્રીનો દેવતા હોવાથી એ પરમ તત્ત્વને સવિતા કહે છે. આ ગાયત્રીનું જ સ્વરૂપ છે.

ગાયત્રીમાં જે વરેણ્ય, ભર્ગ, દેવ સવિતાનું સ્મરણ-ચિંતન કરવામાં આવે છે તે પરમ તેજસ્વી, સર્વશક્તિમાન અને સર્વેશ્વર પરમાત્મા જ છે. એ પરમાત્માની સર્વોપરી શક્તિને કાં તો ગાયત્રી કહો કે સાવિત્રી કહો. વાસ્તવમાં બંનેનું એક જ મહત્ત્વ છે. સાવિત્રી અને ગાયત્રીની એકતાનાં કેટલાંક પ્રમાણ નીચે પ્રમાણે છે—

**'યશ્ચૈવં વિદ્વાનેવ વેદાનામાતો સાવિત્રી સંપદ મુષનિષદ્ મુપાસ્તે ઈતિ ।'**

**— ગોપથ બ્રાહ્મણ**

"આ રીતે વિદ્વાનો વેદમાતાને સાવિત્રી કહે છે."

**ઓંકાર પૂર્વિકાસ્તિસ્ત્રો મહાવ્યાહ્યતયોડવ્યય।**
**ત્રિપદા ચૈવ સાવિત્રી વિજ્ઞેયં બ્રહ્મણો મુખમ્ ॥**

"ઓંકાર સહિત ત્રણ મહાવ્યાહૃતિઓ તથા ત્રણ પદવાળો સાવિત્રી મંત્ર વેદનું મુખ કહેવાય છે."

**એકાક્ષરં પરબ્રહ્મ પ્રાણાયામઃ પરં તપઃ ।**
**સાવિત્ર્યાસ્તુ પરં નાસ્તિ મૌનાત્સત્યં વિશિયતે ॥**

**— મનુ ૨/૮૩**

"એક ઓંકાર જ પરબ્રહ્મ છે. પ્રાણાયામ મુખ્ય તપ છે. સાવિત્રીથી ચઢિયાતી કોઈ શક્તિ નથી અને મૌન કરતાં સત્ય બોલવાનો મહિમા વિશેષ છે."

**નમો નમસ્તે ગાયત્રી સાવિત્રી ત્વાં નમામ્યહમ્ ।**
**સરસ્વતિ નમસ્તુભ્ય તુરીયે બ્રહ્મરૂપિણી ॥**

"હે ગાયત્રી ! હે સાવિત્રી ! હું આપને પ્રણામ કરું છું. આપના ચરણોમાં મારા વારંવાર નમસ્કાર. હે સરસ્વતી ! મારા આપને નમસ્કાર છે. હે દેવી ! ચોથા સ્વરૂપે આપ બ્રહ્મરૂપિણી છો."

**નમસ્તે દેવી ગાયત્રી સાવિત્રી ત્રિપદેક્ષરે ।**
**અજરે અમરે માતસ્ ત્રાહિ માં ભવસાગરાત્ ।**

**— વશિષ્ઠ સંહિતા-વાંત્રિક સ્તોત્રઃ**



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"હે ત્રણ પદોવાળી ગાયત્રી, સાવિત્રી દેવી ! અમે તને નમસ્કાર કરીએ છીએ. હે અજર-અમર માતા ! ભવસાગરથી મારું રક્ષણ કરો."

**સચ્ચિન્મયિ પરે દેવિ ! ગાયત્રી બ્રહ્મરૂપિણી ।**
**આજ્ઞામય ત્વં સાવિત્રી પરિવારાર્ચનાય મે ॥**

"હે સચ્ચિત્મયી ! હે પરે ! દેવી ! હે બ્રહ્મસ્વરૂપા ગાયત્રી દેવી ! હે સાવિત્રી ! હવે મને સેવકને કુટુંબનો આદરસત્કાર કરવા માટે આજ્ઞા આપો."

**સમસ્ત દેવતા ચક્ર મુનિ પિતૃ ગણાવૃતે ।**
**આરાત્રિકં ગૃહાણેદં સાવિત્રી મમ સિદ્ધયે ॥**

"હે સમસ્ત દેવોના સમૂહ, મુનિઓ અને પિતૃઓ ! હે સાવિત્રી ! હવે મારી સિદ્ધિ માટે આ આરતીને ગ્રહણ કરો."

**નમસ્તે સૂર્ય સંકારો સૂર્યસાવિત્રીકેડમલે ।**
**બ્રહ્મવિદ્યે મહાવિદ્યે વેદમાતાનમોસ્તુતે ॥**

"હે સૂર્ય જેવા રૂપવાળી ! હે સૂર્ય સાવિત્રી ! આપ બ્રહ્મવિદ્યા છો. આપ મહાવિદ્યા છો તથા વેદોની માતા છો. આપને મારા પ્રણામ."

ઉપરોક્ત પ્રમાણોમાં ગાયત્રી-સાવિત્રીને એક જ માનવામાં આવી છે. એમાં જો થોડો તફાવત રાખવો હોય તો એ એટલો જ હોઈ શકે કે ભૌતિક પ્રયોજનોમાં કામમાં લાગનારી આ બ્રાહ્મી શક્તિને સાવિત્રી અને આધ્યાત્મિક પ્રયોજનોમાં એનો ઉપયોગ થાય ત્યારે એને ગાયત્રી કહેવી જોઈએ. સાવિત્રીની ઉપાસનાથી સુખસગવડોમાં વધારો થાય છે અને ગાયત્રી-ઉપાસનાથી મોક્ષ, લોભ, વાસના અને તૃષ્ણાનાં બંધનોમાંથી મુક્તિ મળે છે.

કહેવામાં આવ્યું છે કે—

**સાવિત્રી જપ્યનિરતઃ સ્વર્ગમાપ્નોતિ માનવઃ ।**
**ગાયત્રી જપ્યનિરતો મોક્ષોપાયં ચ વિન્દતિ ॥**

"સાવિત્રીના જપ કરનારને સ્વર્ગ (સુખસગવડો) અને ગાયત્રીના જપ કરનારને મોક્ષ મળે છે."



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાવિત્રીના સ્વરૂપનું વર્ણન કરતાં જણાવવામાં આવ્યું છે–

**સાવિત્રી ત્રિપદા જ્ઞેયા ષટકુક્ષિ પંચશીર્ષકા ।**
**અગ્નવર્ણમુખા શુક્લા પુંડરીકદલેક્ષણા ॥**

**(સૂત સંહિતા-ગાયત્રી વિવરણ)**

"સાવિત્રી ત્રણ પાદ, છ કૂખો અને પાંચ મસ્તકવાળી છે. તે લાલ મુખવાળી, સફેદ અને કમળ જેવાં નેત્રોવાળી છે."

દૈવિક, દૈહિક અને ભૌતિક એ ત્રણે ક્ષેત્રમાં સાવિત્રીનું આધિપત્ય હોવાથી તેને ત્રણ પાદવાળી કહેવામાં આવી છે. કહે છે કે વામન ભગવાને ત્રણ પગલાંથી બલિરાજાના ત્રણ લોકના રાજ્યને માપી લીધું હતું. સાવિત્રીના ત્રણ પગ પણ ત્રણેય લોક જેટલા લાંબા છે, એટલે કે એમના પ્રભાવથી ત્રણેય લોકોમાં આપણી સ્થિતિ સુખશાંતિમય બને છે. આકાશ, પાતાળ અને પૃથ્વીને પણ ત્રણ લોક કહે છે, પરંતુ અહીં દૈવિક, દૈહિક અને ભૌતિક એટલે કે આધ્યાત્મિક, માનસિક અને સંપત્તિને લગતાં ત્રણેય ક્ષેત્રોમાં સાવિત્રીનો પ્રકાશ પહોંચે છે. એ મહાશક્તિની ઉપાસનાથી આ બધાં ક્ષેત્રોમાં આનંદ અને ઉલ્લાસની પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય છે.

## ગાયત્રીનો શક્તિસ્રોત-સવિતા દેવતા

ગાયત્રી માતાનું ધ્યાન સૂર્યમંડળની મધ્યમાં વિરાજમાન મહાશક્તિના રૂપમાં હંમેશાં કરવામાં આવે છે. 'સૂર્યમંડળ મધ્યસ્થા' એ વિશેષણ સાથે જ તેને સમજાવવામાં આવે છે. સાકાર ઉપાસના કરનારા પુસ્તક, ફૂલ અને કમંડળ ધારણ કરેલી સૂર્યમંડળની મધ્યમાં વિરાજમાન માતૃશક્તિનું ધ્યાન કરે છે. નિરાકાર ઉપાસકો ચિદાકાશ અને મહદાકાશમાં તેજમંડળના રૂપમાં તેનું ધ્યાન કરે છે. સાકાર અને નિરાકાર બંને સ્થિતિઓમાં સૂર્યમંડળની સ્થાપના અનિવાર્ય છે. પ્રકાશના તેજમંડળ વિના ગાયત્રી મહાશક્તિનું ધ્યાન જ થઈ શકતું નથી.

**ગાયત્રી ભાવમેદ્ દેવી સૂર્યાસારકૃતાશ્રયામ્ ।**
**પ્રાતર્મધ્યાન્હે ધ્યાનં કૃત્વા જ્ઞપેત્સુધીઃ ॥**

**(શાકાનન્દતરંગિણી ૩/૪/૧)**



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"બુદ્ધિમાન મનુષ્યે સૂર્યની મધ્યમાં સ્થિત ગાયત્રીદેવીનું સવારે, બપોરે અને સાંજે એ ત્રણે સમયે ધ્યાન કરીને જપ કરવા જોઈએ."

જપ સાથે ધ્યાન અનિવાર્ય રીતે જરૂરી છે. ધ્યાન વિનાના જપ શું કામના ? નામ અને ધ્યાન બંનેનું જોડું છે. ભગવાનના નામનું રટણ કરતી વખતે તેના રૂપનું ધ્યાન પણ કરવું પડે છે. સાકાર ઉપાસકો ગાયત્રી માતાને સૂર્યમંડળની મધ્યમાં બેઠેલી માનીને અથવા તેના મુખકમળની ચારે બાજુ તેજમંડળની ભાવના કરીને ધ્યાનનો ઉદ્દેશ્ય પૂરો કરે છે. નિરાકાર ઉપાસકો પ્રકાશબિંદુ અથવા ઊગતા સૂર્ય જેવા વિશાળ તેજમંડળનું ધ્યાન કરીને જપ કરે છે. ગાયત્રી મહામંત્રની ઉપાસનાવિધિ આ જ છે. કહેવામાં આવ્યું છે કે—

**સવિતા સર્વભૂતાનાં સર્વભાવશ્ચ સૂયતે ।**
**સવનાત્પ્રેરણાચ્ચૈવ સવિતા તેન ચોચ્યતે ॥**

"બધાં પ્રાણીઓમાં બધા પ્રકારના ભાવોને સવિતા જ ઉત્પન્ન કરે છે. તે ઉત્પન્ન કરે છે અને પ્રેરણા આપે છે એટલે જ તેને સવિતા કહેવામાં આવે છે.

**વરેણ્યં પરણીયચ્ચ સંસાર ભય ભીરુભિઃ ।**
**આદિત્યાન્તર્ગતમ્ યચ્ચ ભર્ગાખ્યં વા મુમુક્ષભિ ॥**

"સંસારના ભયથી ડરી ગયેલા અને મોક્ષની ઇચ્છાવાળા લોકો માટે સૂર્યમંડળની અદર જે શ્રેષ્ઠ છે એ વંદનીય છે."

**દેવસ્ય સવિતુર્યચ્ચ ભર્ગમન્તર્ગત વિભુમ્ ।**
**બ્રહ્મવાદિન એવાહુર્વરેણ્યં તચ્ચ ધીમહિ ॥**

"સવિતાદેવની અંદરના તેજને બ્રહ્મજ્ઞાનીઓ "વરેણ્યં" કહે છે એનું જ અમે ધ્યાન કરીએ છીએ."

સંધ્યાયોગમાં એની એથી પણ વધારે સ્પષ્ટતા કરવામાં આવી છે. એમાં જણાવવામાં આવ્યું છે કે જે ભાવનાનું આપણે ધ્યાન કરીએ છીએ એ મનને એકાગ્ર કરવા માટેનો માત્ર પ્રકાશનો ગોળો નથી, પરંતુ તેજસ્વી પરમાત્મા છે. તે આપણી બુદ્ધિ, આંતરિક ચેતના, ભાવના અને આસ્થાને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સન્માર્ગ તરફ પ્રેરે છે.

**ચિન્તાયાભ્મો વયં ભર્ગો ધિયો યોનઃ પ્રચોદયાત્ ।**
**ધર્માર્થ કામ મોક્ષેષુ બુદ્ધિ વૃત્તી પુનઃ પુનઃ ॥**

"જે અમારી બુદ્ધિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની વારંવાર પ્રેરણા ઉત્પન્ન કરે છે એ તેજનું અમે ધ્યાન કરીએ છીએ."

**બુદ્ધિ બોંધયિતા યસ્તુ ચિદાત્મા પુરુષો વિરાટ્ ।**
**સવિતુસ્તદ્વવેણ્યન્તુ સત્યધર્માણમીશ્પરમ્ ॥**

"બુદ્ધિને સન્માર્ગે દોરનાર જે વિરાટ ચિદાત્મા પુરુષ છે, એ જ સત્યધર્મવાળો ઈશ્વરરૂપી વંદનીય સવિતા છે."

અગસ્ત્ય અને પરાશર ઋષિઓએ પણ આ જ તથ્યનું સમર્થન કર્યું છે. ગાયત્રી મહામંત્રનું ધ્યાન કરતી વખતે જે સવિતાને ધારણ કરવાનો છે એ પ્રકાશ અને ગરમી જ નથી આપતો, પરંતુ આપણી આંતરિક ચેતનાને ઉત્તમતાની દિશામાં પણ પ્રેરે છે અને સીધો જીવનોદેશ્ય પ્રાપ્ત કરવાનું શક્ય બને છે.

**યો દેવઃ સવિતાઽસ્માકં ધિયો ધર્માદિગોચરાઃ ।**
**પ્રેરયેત્તસ્ય યદ્ભર્ગસ્ત વરેણ્યમુપાસ્મહે ॥**

**— અગસ્ત્ય**

"સવિતા નામના જે દેવતા અમારી બુદ્ધિને ધર્મ વગેરેમાં જોડે છે, તેમના વંદનીય તેજની અમે ઉપાસના કરીએ છીએ."

**દેવસ્યે સવિતુર્ભર્ગો વરણીયચ્ચ ધીમહિ ।**
**તસ્માકં ધિયો યસ્તુ બ્રહ્મત્વેવ પ્રચોદયાત્ ॥**

**— પરાશર**

"સવિતા દેવતાના પ્રશંસનીય તેજનું અમે ધ્યાન કરીએ છીએ. તે અમારી બુદ્ધિને બ્રહ્મત્વમાં પ્રેરે."

દરેક વેદમંત્રનો એક દેવતા હોય છે. તેની શક્તિથી જ એ મંત્ર સિદ્ધ થાય છે અને ફળ આપે છે. ગાયત્રી મહામંત્રનો દેવતા 'સવિતા' છે. **"તત સવિતુઃ"** પદથી આ જ સવિતાનાં ધ્યાન અને ધારણા કરવાનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આદેશ આપવામાં આવ્યો છે. ગાયત્રીની શક્તિ આ સવિતાદેવતા પર જ આધારિત છે.

"સૂર્ય"ને સવિતા કહે છે. ગાયત્રીને એક રીતે સૂર્યનો મંત્ર પણ કહેવામાં આવે છે. **"પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્"** આ છેલ્લા પદવાળા સ્તોત્રમાં સૂર્યદેવતાની જ સ્તુતિ કરવામાં આવી છે. એટલે ઘણા ઉપાસકો સૂર્યની આરાધના માટે ગાયત્રીનો પાઠ કરે છે. ગાયત્રીને માતા રૂપે માનનારા સાધકો પણ તેનું સૂર્યમંડળની મધ્યમાં રહેલી માતૃદેવીના રૂપમાં ધ્યાન કરે છે. ગમે તે રૂપમાં ગાયત્રી મંત્રની ઉપાસના કરવામાં આવે, તો પણ સૂર્યનો તેની સાથે લગાતાર સંબંધ જોડેલો રાખવો જ પડશે. ગાયત્રીનો દેવતા સૂર્ય છે, એટલે તેનું સ્વરૂપ પણ સાથે હોય એ સ્વાભાવિક છે.

સ્થૂલ વિજ્ઞાનની દૃષ્ટિએ સૂર્ય એક અગ્નિપિંડ છે. આકાશમાં રહેલી અનંત આકાશગંગાઓમાંથી 'સ્પાઇરલ' નામની એક આકાશગંગામાં લગભગ દોઢ નિખર્વ તારાઓ છે. તેમાંથી આ સૂર્ય એક નાનો શો તારો માત્ર છે. તેનો વ્યાસ લગભગ ૯ લાખ માઈલ એટલે કે પૃથ્વી કરતાં તે ૧૧૦ ગણો મોટો છે. એના પરિવારમાં ૯ ગ્રહો છે તથા દરેક ગ્રહના ઘણા ઉપગ્રહો છે. બુધ, શુક્ર અને પૃથ્વીનો એકેક ચંદ્રમા છે. મંગળના બે, બૃહસ્પતિના બાર, શનિના ૯, વરુણના ૫, લીલા ગ્રહના બે અને પીળા ગ્રહના ચાર ઉપગ્રહો છે. આ ઉપરાંત હજારો નાના ગ્રહો અને અસંખ્ય ધૂમકેતુઓ આ સૌર પરિવારમાં આવેલા છે. આ બધા સૂર્યની બળવાન આકર્ષણ શક્તિથી ખેંચાઈને તેની પરિક્રમા કરે છે. પોતાના આ આખા પરિવાર સાથે સૂર્યને 'સ્પાઇરલ' આકાશગંગાની પરિક્રમા કરતાં ૨૫ કરોડ વર્ષ લાગે છે. જ્યોતિષીઓનું અનુમાન એવું છે કે સૂર્ય ઉત્પન્ન થયો ત્યારથી અત્યાર સુધીમાં તે આવી ૧૫ પરિક્રમાઓ કરી ચૂક્યો છે.

સ્થૂલ પદાર્થવિજ્ઞાન સૂર્ય વિષે અત્યાર સુધીમાં આવી જ જાણકારીઓ મેળવી શક્યું છે તથા તેનાં કિરણોમાંથી નીકળતા સાત રંગ, વિદ્યુતપ્રવાહ અને આણ્વિક વિકિરણની થોડી જાણકારી મેળવી શક્યું છે. આ દિશામાં હજી વધારે જાણકારી એકઠી કરવામાં આવી રહી છે, પરંતુ એ બધી સૂર્યના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્થૂલ રૂપનો જ પરિચય આપનારી છે. મનુષ્યની સત્તાનું પૃથક્કરણ કરવા માટે તેના શરીરસંબંધી જાણકારી પ્રાપ્ત કરી લેવાનું પૂરતું નથી, પરંતુ તેની વિદ્યા, બુદ્ધિ, ગુણ, કર્મ, સ્વાભાવિક વૃત્તિ, ભાવના, ચેતના અને આત્મા સંબંધી જાણકારી પણ જરૂરી છે. એ જ રીતે સૂર્યના આત્માને જાણવાનું પણ જરૂરી છે. એ વિના ગાયત્રી મંત્રનો સાધક સૂર્યને માત્ર અગ્નિપિંડ માની લેવાથી પોતાનું પ્રયોજન પૂરું કરી શકતો નથી.

એક અનંત ચૈતન્યનો, જીવન અને શક્તિનો સમુદ્ર આ વિશ્વમાં લહેરાઈ રહ્યો છે. જડ પ્રકૃતિના પરમાણુઓનો સમૂહ એ ચેતન સત્તાના તરંગોથી જ લહેરાઈને ગતિવાન થઈ રહ્યો છે. જડ પદાર્થોમાં એમની પોતાની કોઈ શક્તિ અથવા ચેતના નથી. જ્યારે પ્રલય થાય છે ત્યારે બધું રાખના ઢગલાની માફક ગતિહીન થઈ જાય છે. સંસારમાં જે કંઈ હિલચાલ થતી દેખાય છે એના મૂળમાં આ ચેતનાનો મહાન ભંડાર જ કામ કરી રહ્યો છે. જેમ નિર્જીવ શરીરને ચેતન આત્મા જ ગતિશીલ રાખે છે, તે રીતે જડ પ્રકૃતિમાં જણાતી ચેતનાનું કારણ પેલો ચેતનાનો સાગર જ છે, કે જેના માટે ગાયત્રી મંત્રમાં 'સવિતા' શબ્દનો ઉપયોગ થયો છે. પ્રકાશપિંડ સૂર્ય એ સવિતાનું સ્થૂલ શરીર માત્ર છે.

સૂર્યની ગરમી અને પ્રકાશનો દરેક જણને અનુભવ થાય છે. આ તેની સ્થૂલ શક્તિ છે. એની અંદર એક બીજી પણ સૂક્ષ્મ સત્તા મોજૂદ છે. એ છે—જીવનશક્તિ. પ્રાણીઓને ઉત્પન્ન કરવાનો અને તેમનું પોષણ તથા તેમની વૃદ્ધિ કરવાનો કાર્યક્રમ આ સૂર્યના આત્મા પર આધારિત છે. પ્રકાશ અને ગરમી તો મશીનોથી પણ ઉત્પન્ન કરી શકાય છે, પરંતુ એમાંથી જીવન મળી શકતું નથી. વિજ્ઞાનીઓ જાણે છે કે જો સૂર્ય ન હોય તો પૃથ્વી પર જીવનની કોઈ નિશાની ન રહે.

શ્રુતિમાં સૂર્યને 'સંસારનો આત્મા' કહેલો છે. આકાશમાં દોડતા સૂર્યના બહારના શરીરને પ્રકાશ અને ગરમીનો પિંડ કહી શકાય છે, પરંતુ તેનો આત્મા જગતનું જીવન છે. આ જીવનશક્તિનું બીજું નામ પ્રાણશક્તિ પણ છે. સૂર્યના આત્માના મહાપ્રાણના નાના નાના અંશો જ જુદાં જુદાં પ્રાણીઓમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અલ્પરૂપે દેખાય છે.

'ગય' એટલે પ્રાણ, 'ત્રી' એટલે ઉદ્ધાર અને ઉન્નતિ કરાવનારી. પ્રાણશક્તિને વધારનારી, પ્રાણોનું રક્ષણ કરનારી વિદ્યાને ગાયત્રી કહેવામાં આવે છે. પોતાના સવિતાદેવતામાંથી ગાયત્રી મહામંત્રમાં પ્રાણશક્તિ આવે છે એને એનો જ એક અંશ પોતાની અંદર ધારણ કરીને ગાયત્રી ઉપાસક પોતાને ધન્ય બનાવે છે.

સૂર્યના માધ્યમથી બહાર નીકળતો મહાપ્રાણ આ વિશ્વ બ્રહ્માંડનું સંચાલન કરનાર પરબ્રહ્મ પરમાત્માનો અંશ છે. એકમાંથી અનેક બનવાનો બ્રહ્મનો સંકલ્પ જ મહાપ્રાણ બનીને બહાર પ્રગટી આવ્યો. આ ઝરો જ્યાં સુધી વહી રહ્યો છે ત્યાં સુધી આ સૃષ્ટિ છે. જે દિવસે તે પરમ પ્રભુ એ સંકલ્પને સમેટી લેશે, તે જ દિવસે એ મહાપ્રાણ શાંત થઈ જશે અને પછી મહાશૂન્ય સિવાય બીજું કશું પણ બાકી રહેશે નહિ. આ બ્રહ્મસંકલ્પ – મહાપ્રાણ પરબ્રહ્મની સત્તાથી જુદો કોઈ બહારનો પદાર્થ નથી, પરંતુ તેનું જ એક અખંડ અંગ છે. તેની સત્તા અસીમ છે. એ અનંત, અસીમ અને અચિંત્ય પરમાત્માનો એક ભાગ સૃષ્ટિનું સંચાલન કરવામાં લાગેલો છે. આ મહાપ્રાણને જ સૂર્યનો આત્મા-સવિતા દેવતા સમજવો જોઈએ. પ્રાણીનો સીધો સંબંધ આની સાથે છે.

જીવનની બાહ્ય અને આંતરિક સુવ્યવસ્થા માટે, પ્રગતિ અને શાંતિ માટે પરબ્રહ્મની મહાપ્રાણ સત્તાને વધારેને વધારે પ્રમાણમાં પ્રાપ્ત કરવી જોઈએ. આ પ્રયોજન પૂરું કરવા માટે ગાયત્રી મહામંત્ર દ્વારા સવિતા દેવતાની ઉપાસના કરવામાં આવે છે.

એવો ભ્રમ ન રહેવો જોઈએ કે ગાયત્રી મહામંત્રની શક્તિ આ અગ્નિપિંડ સૂર્ય પર આધારિત છે. એ તો ફક્ત ગરમી અને પ્રકાશ આપે છે. એ બધું તો વીજળીનાં મશીનોથી પણ પ્રાપ્ત થઈ શકે છે. માત્ર એટલા માટે કોઈ ઉપાસનાની શી જરૂર ? ગાયત્રી સૂર્યના આત્મા સવિતા સાથે ઉપાસકનો સંબંધ સ્થાયી આપે છે. એનાથી ઉપાસક પરબ્રહ્મ મહાપ્રાણને પોતાના શરીર અને અંતઃકરણમાં ધારણ કરીને સાંસારિક સુખ અને આત્મિક શાંતિ


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનુભવતો જીવનના પરમ લક્ષ્યને મેળવી શકે છે.

આ મહાપ્રાણ જ્યારે શરીરમાં અવતરે છે ત્યારે તે આરોગ્ય, આયુષ્ય, તેજ, ઓજસ, બળ, ઉત્સાહ, સ્ફૂર્તિ, પુરુષાર્થ, ઇન્દ્રિયશક્તિ વગેરેના રૂપમાં જણાય છે. જ્યારે તે માનસિક ક્ષેત્રમાં પ્રગટે છે ત્યારે ઉત્સાહ, સ્ફૂર્તિ, પ્રફુલ્લતા, સાહસ, એકાગ્રતા, સ્થિરતા, ધૈર્ય, સંયમ વગેરે સદ્‌ગુણોના રૂપમાં તેને જોઈ શકાય છે. જ્યારે તે આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગટે છે ત્યારે ત્યાગ, તપ, શ્રદ્ધા, વિશ્વાસ, દયા, ઉપકાર, પ્રેમ, વિવેક વગેરેના રૂપમાં દેખાય છે. ત્રણેય ક્ષેત્રો એ મહાપ્રાણથી જેમ જેમ ભરાતાં જાય છે, તેમ તેમ તે મનુષ્ય અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ અને તુચ્છતામાંથી મહાનતા તરફ આગળ વધવા લાગે છે. આત્મકલ્યાણનો, લક્ષ્યપ્રાપ્તિનો આ જ માર્ગ છે, ગાયત્રી દ્વારા સવિતાદેવતાને-મહાપ્રાણને પ્રાપ્ત કરવાનું પ્રયોજન આ જ છે.

સવિતાદેવતા જોકે સૂર્યનું બીજું નામ છે, પરંતુ એ વાત બરાબર સમજી લેવી જોઈએ કે શરીર અને આત્મામાં જે તફાવત છે એ જ સૂર્ય અને સવિતામાં છે. શાસ્ત્રોમાં ઠેર ઠેર એની સ્પષ્ટતા કરવામાં આવી છે.

**યોડસાવાદિત્યે પુરુષઃ સોડહમ્ । – મૈત્રેયી ઉપનિષદ્ ૩/૩૫**

"જે સૂર્ય છે તે હું છું."

**પ્રાણો વૈ અર્ક । – શતપથ ૧૦/૪/૭/૨૩**

"પ્રાણ જ સૂર્ય છે."

**સએષ વૈરવાનરો વિશ્વરૂપઃ પ્રાણેડગ્નિરુદયતે ।–પ્રશ્નોપનિષદ ૧/૨**

"સૂર્યનો ઉદય થાય ત્યારે આખા વિશ્વમાં પ્રાણાગ્નિનો સંચાર થવા લાગે છે."

**સહસ્રરશ્મિ રાતર્વા વર્તમાનઃ ।**
**પ્રાણઃ પ્રજાનામુદંયત્પેષ સૂર્યઃ ॥**

"પ્રાણ જ હજારો કિરણોવાળો, અનેક રીતે હાલની પ્રજાને ઉત્પન્ન કરનારો સૂર્ય છે."

**ભોહસો તપન્નુદેતિ સ સર્વેષાં ભૂતાનાં પ્રાણાના દાયોદેતિ । – શ્રુતિ**

"આ સૂર્યમાંથી જ બધાં પ્રાણીઓને પ્રાણ પ્રાપ્ત થાય છે."



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**આદિત્યો વૈ વાહ્યપ્રાણ ઉદયત્યેષત્યેનં ચાક્ષુષં પ્રાણાત્મનુગ્રહ્યાતે ।**
**—પ્રશ્નોપનિષદ ૧/૭**

"બહારના જગતમાં આ પ્રાણ સૂર્યરૂપ થઈને દસે દિશાઓમાં હયાત છે."

**વિશ્વ રૂપં હરિણં જાત વેદસ**
**પરાયણં જ્યોતિરેકં તપન્તમ્ ।**
**સહસ્ર રશ્મિઃ શતધા વર્તમાનઃ**
**પ્રાણઃ પ્રજાનામુદયત્યેષ સૂર્યઃ ॥ — પ્રશ્નોપનિષદ ૧/૯**

"વિશ્વરૂપ, વ્યાપક, સર્વનો આધાર, પ્રકાશવાન અને ગરમ કિરણોવાળો આ સૂર્ય જીવોનો પ્રાણ બનીને ઊગે છે."

**સૂર્યાદ્ ભવન્તિ ભૂતાનિ સૂર્યેણ પાલિતાનિ તુ ।**
**સૂર્યે લયં પ્રાપ્નુવન્ત્યિઃ સૂર્ય સોડહમેવ ચ ॥ — સૂર્યોપનિષદ**

"સૂર્યથી જ બધાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. તે જ એમનું પાલન કરે છે. તેની અંદર જ એ બધાંનો લય થઈ જાય છે. જે સૂર્ય છે તે જ હું છું."

ગાયત્રીનો દેવતા સવિતા વિશ્વના જીવનનું, જ્ઞાન અને વિજ્ઞાનનું કેન્દ્ર છે. બીજી બધી દેવશક્તિઓનું કેન્દ્ર પણ એ જ છે. ચારે વેદોમાં જે કંઈ છે એ બધું આ સવિતાશક્તિનું વર્ણન માત્ર છે. તપ, શ્રદ્ધા અને સાધનાથી એને જ પ્રાપ્ત કરવામાં યોગીઓ રચ્યાપચ્યા રહે છે. આ સવિતાદેવતા બધાંના ઉપાસ્ય છે. તેમને પ્રાપ્ત કરવા માટે દરેક સાધકે પ્રયત્નશીલ થવું પડે છે.

**ઉદ્યન્તં વાપિત્યં મગ્નિરનુ સમારોહતિ ।**
**સુષુમ્નઃ સૂર્યરશ્મિ ચન્દ્રમા ગન્ભર્વ ॥ — શ્રુતિ**

"આ સૂર્યની અંદર જ અગ્નિ, સુષુમ્ન, ચંદ્ર, ગંધર્વ વગેરે છે."

**ઋગ્ભિઃ પૂર્વાન્હેદિવિ દેવ ઈયતે, યજુર્વેદેતિષ્ઠતિ મધ્યઅહઃ ।**
**સામવેદેનાસ્તમપે મહીયતે, વેદૈરસૂન્યસ્ત્રિભિરેતિ સૂર્યઃ ॥ — શ્રુતિ**

"આ સૂર્ય સવારમાં ઋગ્વેદથી, બપોરે યજુર્વેદથી અને સાંજે સામવેદથી યુક્ત હોય છે."


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**ઋચોડસ્ય મંડલં સામાન્યસ્ય મૂર્તિર્ય જૂંષિ ચ ।**
**ત્રયીમયોડપ ભગવાન્ કાલાત્મ કલકૃદ્દબિભુઃ ॥ – સૂર્ય સિદ્ધાંત**

"ઋક્ સૂર્યનું મંડળ અને યજુ તથા સામ તેની મૂર્તિ છે. એ જ કાળરૂપ ભગવાન છે."

**નત્વા સૂર્યં પરં ધાસ ઋગ્ યજુઃ સામ રૂપિણમ્ । – સૂર્ય પુરાણ**

"ઋક્, યજુ અને સામ રૂપી પરમધામ સૂર્યને નમસ્કાર છે."

**અથોત્તરેણ તપસા બ્રહ્મચર્યેણ શ્રદ્ધયા વિદ્યાત્મા નમન્વિષ્યાદિત્યમભિઃ જયન્તે એકદ્દે પ્રાણાનામાયતનમેતદમૃતમ મિયમેતત્પરાયણ મેતસ્યાન્ન પુનરાવર્તન્ત ઈત્યેષનિરોધઃ ।**

"તપ, બ્રહ્મચર્ય, શ્રદ્ધા તથા વિદ્યા દ્વારા આત્માની શોધ કરીને જેઓ એ સૂર્યને પ્રાપ્ત કરે છે તેઓ ફરીથી જન્મ લેતા નથી. તે સૂર્ય જ પ્રાણોનો આધાર છે. એ જ મોક્ષ છે. એ જ પદ છે. જીવને એનાથી જ પરમ આશ્રય મળે છે."

**ભવદ્દભૂતં ભવિષ્યં ચ જંગમસ્થવરં ચયત્ ।**
**અસ્યૈકં સૂર્યમેવૈકં પ્રભવં પ્રક્તયં વિદુઃ ।**
**અસતશ્ચ સતશ્ચૈવ યોનિરેષા પ્રજાપતિઃ ।**
**તદક્ષરં ચાપ્યપંચ યચ્ચૈતદ બ્રહ્મશાશ્વતમ્ ।**
**કૃત્વૈવહિ ત્રિધાત્માનનેષુ લોકેષુતિષ્ઠતિ ।**
**વેદાન્ યથાયથં સર્વાન્ નિવેશ્ય સ્વેષુ રશ્મિષુ । – સૂર્યોપનિષદ**

"જે જડ અને ચેતન પદાર્થો આ સંસારમાં અત્યારે મોજૂદ છે, ભૂતકાળમાં હતા અને ભવિષ્યમાં હશે, એ બધા સૂર્યમાંથી ઉત્પન્ન થયા છે અને એમાં જ સમાઈ જાય છે. આ સૂર્ય જ પ્રજાપતિ છે. તે સત્-અસત્ની યોનિ છે. અક્ષર, અવ્યય અને શાશ્વત બ્રહ્મ આ જ છે. ત્રણેય લોકોમાં વ્યાપ્ત છે. બધા દેવતાઓ આનાં જ કિરણો છે."

**આદિત્યોહ્યાદિ ધૂતત્પાત્ પ્રસૂત્યા સૂર્ય ઉચ્યતે ।**
**પરંજ્યોતિઃ તમ પારે સૂર્યેડયં સર્વિતત ચ ।      – સૂર્ય સિદ્ધાન્ત**

"તે આખા જગતનું આદિ કારણ છે એટલે તેને આદિત્ય કહે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બધાંને ઉત્પન્ન કરે છે એટલે સવિતા કહે છે. અંધકારને દૂર કરે છે એટલે તેને સૂર્ય કહેવામાં આવે છે."

**અથાદિત્ય ઉદયેયન્યત્પ્રાચીદિશં પ્રવિશતિ તેન પ્રાચ્ય ન્ પ્રાણન રશ્મિષુ સંનિધત્તે । યદ્દક્ષિણાં યત્ પ્રતીચી યદુદીચી યદધો યદ્દર્થ યદસ્તરા દિશો યત્સર્વપ્રકાશયતિ તેન સર્વાન્ પ્રાણાન્ રશ્મિષુ સંનિધત્તે ।**

**– પ્રશ્નોપનિષદ ૧/૬**

"પૂર્વ દિશામાં ઊગતો સૂર્ય પોતાનાં કિરણોથી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, નીચે, ઉપર તથા ઈશાન, વાયવ્ય, નૈઋર્ત્ય, અગ્નિ એ ચારેય ખૂણાઓ—એમ બધી દિશાઓને પ્રકાશિત કરે છે. તેનાં કિરણોમાં આખા જગતનો પ્રાણ ભરેલો છે."

**અપશ્યં મોપાયમનિપધમાન મા ચ પરાચ પરિભિશ્ચરન્તિમ્ ।**
**સ સધ્રીચીઃ સ વિષૂચીર્વસાન આનરીવતિ ભુવનેષ્વન્તઃ ॥**

**– એતરેવ**

"મેં પ્રાણને જોયો છે. પ્રાણનો સાક્ષાત્કાર કર્યો છે. આ પ્રાણ બધી ઈન્દ્રિયોનો રક્ષક છે. એ કદી નાશ પામતો નથી. એ નાડીઓ દ્વારા શરીરમાં દોડતો રહે છે. મુખ અને નાક દ્વારા તે આવે છે અને જાય છે. શરીરમાં એ વાયુરૂપ છે, પરંતુ બ્રહ્માંડમાં સૂર્યરૂપ છે."

આ સવિતાની ઉપાસના કરનારા ઋષિમુનિઓ યોગ દ્વારા પોતાના આત્માને એ તેજપૂંજ મહાપ્રાણ પરબ્રહ્મમાં પ્રવેશ કરાવે છે. શુકદેવજી પોતાની સાધનાને પૂરી કરીને જે સ્થિતિમાં પ્રવેશ્યા એનો ઉલ્લેખ મહાભારતમાં આ રીતે મળે છે—

**તસ્માદ્ યોગ સમાસ્થાયત્યનત્વાશુહકલેવરમ્ ।**
**વાયુભૂતઃ પ્રવેક્ષ્યામિ તેજોરાશિ દિવાકરમ્ ॥ – મહાભારત**

શુકદેવજીએ કહ્યું—"હું યોગારૂઢ થઈને આ શરીરનો ત્યાગ કરી તેજના ભંડાર એવા સૂર્યમાં વાયુરૂપ બનીને પ્રવેશ કરું છું."

ઉપનિષદકારોએ આ મહાઉપાસ્ય સવિતાદેવતાની ઉપાસનાનો ઉલ્લેખ કરતાં એની મહાન મહત્તા પર પણ પ્રકાશ પાડ્યો છે અને તેને આત્મિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મલિનતાઓને દૂર કરનાર માન્યો છે.

**સૂર્યશ્ચ મા મન્યુશ્ચ મન્યુપતશ્ચ મન્યુકૃતેભ્ય ।**
**પાપેભ્યો રક્ષન્તામ્ । યદ્રાત્ર્યા પાપમાર્ષમ્ ॥**
**મનસાવાચા હસ્તાભ્યામ્ । પદ્‌ભ્યામુદરેશ શિરના ।**
**રાત્રિસ્તવેલુમ્પતુ યત્ કિંચ દુરિતં મયિ ।**
**ઈદમહંમામમૃતયોનૌ સૂર્યેજ્યોતિષીજુહોમિસ્વાહા ।**

**(તૈ૦ અ૦ પ્ર૦ ૧૦ અ ૩૨)**

"જગતનો પ્રેરક સૂર્ય ક્રોધ વગેરે વૃત્તિઓથી ઉત્પન્ન થતાં પાપોથી મારું રક્ષણ કરો. મન, વાણી, હાથ, પગ, પેટ અને જનનેન્દ્રિયથી રાત્રિમાં મેં જે પાપ કર્યાં છે એમનો તેના રક્ષણથી લોપ થઈ જાઓ. હું મને પોતાને અમૃતની યોનિમાં જ્યોતિરૂપ પરમાત્મા છે એમાં સ્વાહા બોલીને મારી આહુતિ આપું છું."

**ય ઈહ વા વ સ્થિરચરનિકરાણાં નિજનિકેનાનાં મન ઈન્દ્રિયસુરગણાનનાત્મનઃ સ્વયમાત્માઽન્તર્યામી પ્રચોદયાત્ ॥**

**– બ્રહ્મોપનિષદ**

"આપ બધાના આત્મા છો અને અંતર્યામી છો. જગતમાં જેટલાં ચર-અચર પ્રાણીઓ છે તે બધાં આપના જ આધારે રહે છે અને તેમનાં મન, ઈન્દ્રિયો અને પ્રાણોના પ્રેરક આપ જ છો."

ત્રિકાળ સંધ્યામાં સવાર, બપોર અને સાંજ માટે ત્રણ પ્રતીકોનો ઉલ્લેખ છે. સવારમાં બ્રાહ્મી, બપોરે વૈષ્ણવી અને સાંજે શાંભવી ગાયત્રીનાં હંસારૂઢ, ગરુડારૂઢ અને વૃષભારૂઢ સ્વરૂપોનું વર્ણન છે. વાસ્તવમાં આ ત્રણ વેદોનાં જ સ્વરૂપો છે. સવિતા સવારમાં ઋગ્વેદ, બપોરે યજુર્વેદ અને સાંજે સામવેદ સ્વરૂપ હોય છે. વેદોમાં જે જ્ઞાનવિજ્ઞાનનો ભંડાર છે એને તે સાધકના અંતઃકરણમાં પ્રકાશિત કરે છે. ઋગ્વેદ સાથે જ્ઞાનયોગનો, યજુર્વેદ સાથે કર્મયોગનો અને સામવેદ સાથે ભક્તિયોગનો સંબંધ છે. સવિતા દેવતાનું ધ્યાન આપણી મનોભૂમિને આ ત્રણેય યોગોની સાધનાને યોગ્ય બનાવે છે. આ ત્રણેય તથ્યોનો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના રૂપમાં ઉલ્લેખ છે. ઋગ-



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બ્રહ્મા, યજુ-વિષ્ણુ અને સામ-શિવ છે. આ ત્રણે વડે ત્રિકાળ સંધ્યાથી ગાયત્રી ઉપાસના કરનારને જ્ઞાન, વૈભવ અને સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે. આ આધારે એક જ પરબ્રહ્મ-મહાતત્ત્વ સવિતાનો ત્રણ રીતે ચિત્રોમાં ઉલ્લેખ થયેલો છે.

મહર્ષિ યાજ્ઞવલ્કયે આ જ સવિતાની ઉપાસનાની વિધિનું વર્ણન કરતાં એની મહત્તા, વિશેષતા અને સિદ્ધિઓને સંક્ષિપ્ત, પરંતુ સાર ર્ભિત શબ્દોમાં આ રીતે જણાવી છે–

**ૐ નમો ભગવતે આદિત્યાખિલ જગતાત્મસ્વરૂપેણ કાલસ્વરૂપેણ ચતુર્વિધિ ભૂતાનિકાયાના બ્રહ્માદિસ્તમ્બ પર્યન્તાનામન્તર્હૃદયેષ બહિરપિ ચાકાશ દવોપાધિ નાડપ્યયધીયમ નો ભવાનેક એવં ક્ષણલવનિમેષાવયવોપ ચિતસંવત્સરગણૈ નામામાદાન વિસર્ગાભ્યામિમાં લોક યાત્રોમમુવાતે ।**

**(યાજ્ઞવલ્કય)**

"હું ૐકાર સ્વરૂપ ભગવાનને નમસ્કાર કરું છું. હે ભગવાન્ ! આપ આખા જગતના આત્મા અને કાળસ્વરૂપ છો. બ્રહ્માથી માંડીને તણખલા સુધીનાં જેટલાં પ્રાણીઓ છે એ બધાંનાં હૃદયની અંદર અને બહાર પણ આકાશની જેમ વ્યાપેલા રહો છો, તેમ છતાં પણ એ બધાંથી અલગ થઈને આપ એક અદ્વિતીય ઈશ્વર છો. આપ જ આ જગતનું જીવન ચલાવો છો."

દરેક ગાયત્રી ઉપાસકે જપ સાથે ધ્યાન પણ કરવું જોઈએ. આ ધ્યાન માતાના રૂપમાં સાકાર અથવા પ્રકાશપૂંજના રૂપમાં નિરાકાર હોઈ શકે છે. સૂર્યમંડળની મધ્યમાં રહેલી ગાયત્રીની ભાવના સાથે પરમ તેજસ્વી અને સદ્‌બુદ્ધિપ્રેરક સવિતા દેવતાનું ધ્યાન જરૂર કરવું જોઈએ. સાવિત્રી અને સવિતાનો પરસ્પર સંબંધ છે. બંનેનું અખંડ યુગલ છે. એટલે ગાયત્રી જપની સાથે સવિતાની ધારણાને ભૂલવી ન જોઈએ.

## ધ્યાનસાધનાથી શક્તિઓનો વિકાસ

ગાયત્રીને "છ કૂખવાળી" કહેવામાં આવી છે. "ગાયત્રીથી કુંડલિની જાગરણ" નામની પુસ્તિકામાં આજ્ઞાચક્રથી માંડીને મૂલાધાર ચક્ર સુધીનાં છ ચક્રોનું વર્ણન તથા તેમનામાં રહેલી શક્તિઓનું અવલોકન કરવામાં આવ્યું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. છ કૂખવાળી એટલે છ ચક્રોનું જાગરણ કરનારી. શરીરમાં રહેલાં એ શક્તિકેન્દ્રો સાવિત્રીની ઉપાસનાથી જાગૃત થઈ જાય છે. કોઈ મિલમાં છ એન્જિન હોય અને એ બંધ પડ્યાં રહે તો આખી મિલ બંધ પડી રહેશે, પરંતુ જો એ બધાં ચાલુ થઈ જાય તો મિલ પૂરેપૂરી ગતિથી ચાલવા લાગશે અને ઢગલાબંધ ઉત્પાદન થશે. છ ચક્રો માનવશરીરમાં છુપાયેલાં અત્યંત શક્તિશાળી બોયલર એન્જિનો, જનરેટરો છે. તેઓ સક્રિય થાય ત્યારે મનુષ્ય સામાન્ય જીવ નથી રહેતો, પરંતુ તેની ગણતરી સિદ્ધ પુરુષોમાં થવા લાગે છે. આ છ ચક્રોના જાગરણની વિધિમાં સાવિત્રીની નિકટતાને જ મુખ્ય આધાર માનવામાં આવ્યો છે. એટલે તેને છ કૂખોવાળી એટલે કે છ સાધનાઓવાળી જણાવવામાં આવી છે.

તેનાં પાંચ મસ્તકોનો સંબંધ પાંચ પ્રખ્યાત કોષો સાથે છે. અન્નમય કોષ, મનોમય કોષ, પ્રાણમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ-જીવ ઉપર આ પાંચ ઢાંકણો છે. તે દરેકને એક રત્નભંડાર કહેવો જોઈએ. દરેકની શક્તિ ક્રમ પ્રમાણે એકએકથી ચઢિયાતી છે. આપણામાંથી મોટા-ભાગના લોકો અન્નમય કોષની, સ્થૂલ શરીરની ક્ષમતાની જ થોડીક મદદ લઈને ભૌતિક સુખસાધનો મેળવતાં રહે છે.

સામાન્ય મનુષ્યોનું જીવન આટલામાં જ સમાઈ જાય છે, પરંતુ જે જ્ઞાની વ્યક્તિઓ બાકીના ચાર કોષોને પણ સમર્થ, સક્રિય અને સુવિકસિત બનાવી લે છે, તેમની ક્ષમતા દેવોના જેવી બનતી જાય છે. આ કોષોની શુદ્ધિ સાવિત્રીની સાધનાથી જ શક્ય બને છે. તેને પાંચ મુખવાળી પણ કહેવામાં આવી છે. આ અલંકારનો એવો અર્થ છે કે સાવિત્રીની શક્તિથી પાંચ કોષોનું જાગરણ શક્ય છે.

તેને સફેદ અગ્નિની કાંતિવાળી કહેવામાં આવી છે એટલે કે સફેદ પ્રકાશ એ તેનું સ્વરૂપ છે. આના આધારે તેનું ધ્યાન કરવામાં આવે છે. સાવિત્રીશક્તિ સૂર્યના જેવા પ્રકાશ અને ગરમીથી ભરપૂર છે. તેનું ધ્યાન કરતી વખતે પ્રકાશની મધ્યમાં રહેલી આકૃતિની ભાવના કરવી પડે છે. સવિતાની અધિષ્ઠાત્રી હોવાથી તે પોતે પણ પ્રકાશપૂંજ છે. પ્રકાશયુક્ત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાવિત્રીનું ધ્યાન કરવું પડે છે. સાધકને તે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે અને તેને વિશિષ્ટ બ્રહ્મવર્ચસ, પ્રચંડતા, ઓજ અને પ્રખર તેજસ્વિતા આપે છે. એટલે તેને સફેદ અગ્નિરંગવાળી કહેવામાં આવી છે.

કમળ જેવાં નેત્રો એટલે મોટી આંખો. કમળ બધાં ફૂલોમાં સૌથી મોટું અને સૌથી વધારે શોભાયમાન છે. આંખો જોવાનું કામ કરે છે. કમળના જેવી આંખોનું અલંકારિક વર્ણન દીર્ઘદૃષ્ટિ અને દિવ્યદૃષ્ટિનો સંકેત કરે છે. સાવિત્રીની ઉપાસના સાધકને આ બધી વિશેષતાઓ આપે છે. તે દૂરની વાત વિચારે છે અને દૂર દૂરના ભવિષ્યનું નિર્માણ કરે છે. જે બાબતો નાની આંખોવાળા એટલે કે સામાન્ય લોકોને સૂઝતી નથી એ કમળ સમાન નેત્રોવાળી સાવિત્રીના ભક્તોને સૂઝે છે. તેઓ પોતાને પ્રાપ્ત થયેલી દિવ્યદૃષ્ટિના માધ્યમથી પોતાનું અને બીજા અસંખ્ય લોકોનું પણ કલ્યાણ કરે છે.

સાવિત્રીના મહિમાનું વર્ણન કરતાં શાસ્ત્રકારે એને ત્રણ પાદવાળી, છ કૂખોવાળી, પાંચ મસ્તકવાળી, સફેદ અગ્નિ જેવા રંગવાળી અને કમળના જેવાં નેત્રોવાળી જણાવી છે. વાસ્તવમાં આ બધાં વિશેષણો એ મહાશક્તિમાં મોજૂદ છે. જે સતત શ્રદ્ધા અને નિર્ધારિત વિધિ પ્રમાણે તેની ઉપાસના કરે છે તેને કોઈ પણ દિશામાં અને કોઈ પણ ક્ષેત્રમાં અસફળ અને અભાવગ્રસ્ત રહેવું પડતું નથી.

કહેવામાં આવ્યું છે કે સાવિત્રીનો દેવતા સવિતા છે. સાવિત્રી ઉપાસનામાં સવિતાનો આધાર લેવો જ પડે છે. સૂર્ય જેવા પ્રકાશની સાથે જોડીને જ ગાયત્રીનું ધ્યાન કરી શકાય છે. ગાયત્રીના ચિત્રમાં પ્રકાશમંડળ અવશ્ય ચીતરવામાં આવે છે. બીજા દેવતાઓનાં ચિત્રો પ્રકાશમંડળ વિનાનાં પણ હોઈ શકે, પરંતુ ગાયત્રીનું નહિ, કારણ કે એ સવિતાની જ શક્તિ છે. શક્તિ અને શક્તિવાનનો સમન્વય તો હોવો જોઈએ. એટલે ગાયત્રીને સૂર્યપ્રકાશ સાથે જ હંમેશાં જોડવામાં આવે છે.

**ગાયત્રીં સ્મરેદ્‌ધીંમાન્ હૃદિ વા સૂર્યમંડલે ।**
**કલ્પોક્ત લક્ષણૈવ ધ્યાત્વાડભ્યર્ચ તતો જયેત્ ॥**

"બુદ્ધિમાન પુરુષે હૃદયમાં અને સૂર્યમંડળમાં ગાયત્રીનું સ્મરણ કરવું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોઈએ. વેદમાં જણાવ્યા પ્રમાણે ધ્યાન અને પૂજન કર્યા પછી જપ કરવા જોઈએ."

આત્મામાં અજોડ દિવ્યતેજ ભરેલું છે. એ ગાયત્રીનું જ તેજ છે. તે તેજસ્વિતાથી જ જઠરાગ્નિ બનીને શરીરમાં ભોજનને પચાવે છે અને ગરમી તથા સક્રિયતા આપે છે. તે જ મસ્તકમાં બુદ્ધિ, હૃદયમાં ભાવના, વ્યક્તિત્વમાં પ્રતિભા અને જીવનમાં મહાનતા બનીને રહે છે. આ જ પ્રકાશથી આત્મસાક્ષાત્કાર અથવા ઈશ્વરદર્શનનો લાભ થાય છે. આંખોની પૂતળીઓમાં આવેલું નાનું શું પ્રકાશબિંદુ આપણને સંસારનું સુંદર દશ્ય જોઈ શકવાનો મોકો આપે છે, એ જ રીતે આત્મામાં રહેલું એ પરમ તેજ આપણને તત્ત્વદર્શી બનાવે છે અને અજ્ઞાનમાંથી છોડાવીને પ્રકાશ તરફ લઈ જાય છે.

આત્માનું સ્વરૂપ પ્રકાશયુક્ત માનવામાં આવ્યું છે. ધ્યાનના હેતુ માટે આત્માને હંમેશાં જ્યોતિરૂપ માનીને ચાલવામાં આવે છે. આત્મસાક્ષાત્કાર જ્યોતિપુંજના રૂપમાં જ થાય છે. આકૃતિઓવાળા ઈષ્ટદેવો તો માત્ર આપણાં કલ્પનાચિત્રો છે. એ ધ્યાનધારણામાં પક્વતા લાવવા માટે જ કામમાં આવે છે. એનાથી ઊંચી સ્થિતિમાં તો બ્રહ્મજ્યોતિ જ એકમાત્ર આધાર રહે છે. આ જ આધ્યાત્મિક યજ્ઞાગ્નિ છે. આને જ આદિત્ય, દિવ્ય આભા અથવા અખંડજ્યોતિ કહે છે. આ પ્રકાશ જેને જેટલા પ્રમાણમાં મળતો જાય છે, એટલો જ તે પરબ્રહ્મ પરમાત્મા સાથે, સવિતા દેવતા સાથે એકાકાર થતો જાય છે. સંસારના બધા જડચેતન પદાર્થોમાં આ જ જ્યોતિ પ્રકાશે છે. એનાથી જ દેવશક્તિઓ અને પંચતત્ત્વો પોતાનાં કાર્ય કરવા શક્તિમાન બને છે. ગ્રહ-નક્ષત્રોમાં આ જ પ્રકાશ ઝગમગી રહ્યો છે. આ પ્રકાશમાં ઓતપ્રોત થવાથી જ આપણું કલ્યાણ થાય છે. કહેવામાં પણ આવ્યું છે—

આદિત્યાન્તર્ગતં યચ્ચ જ્યોતિષાં જ્યોતિરુત્તમમ્ ।
હૃદયે સર્વભૂતાનાં જીવભતે સ તિષ્ઠતિ ।
હૃદવ્યોમ્નિ તપતિ હ્યેષ બાહ્ય સૂર્યસ્ય ચાન્તરે ।
અગ્નૌ વા ધૂમકેતૌ ચ જ્યોતિષશ્ચિત્રકરંચ યત્ ।
પ્રાણિનાં હૃદયે જીવરુપ તથા ચ એવભર્ગસ્તિષ્ઠતિ સ ।
એવમ્ આકાશે આદિત્યમધ્યે પુરુષરુપયા વિદ્યતે ।। (યાજ્ઞ૦ સં૦)



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"જે જ્યોતિના પ્રકાશથી બધા તામસિક ભાવો દૂર થઈ જાય છે, એ જ્યોતિ જ શ્રેષ્ઠ વસ્તુ છે. એને આદિત્યની અંદર સમજવી પડશે. એ જ આખા જીવજગતના હૃદયમાં ચેતન બનીને રહે છે. બાહ્ય સૂર્યની જે જ્યોતિ આકાશમાં પ્રકાશ ફેલાવે છે, એ જ જ્યોતિ અગ્નિ, ધૂમકેતુ, નક્ષત્ર વગેરે કરતાં વધારે ચળકતી છે. એ જ તેજ-દેવતા પ્રાણીઓનાં હૃદયમાં જીવરૂપે એટલે કે ચેતનરૂપે બિરાજમાન છે. એ જ બહારના જગતના અંતઃકરણમાં વિરાટ પુરુષરૂપે બિરાજીને જગતને ચેતનવંતુ કરે છે."

**અગ્નિશ્ચ યા મન્યુશ્ચ મન્યુપતયશ્ચમન્યુકૃતેભ્યઃ ।**
**પાપેભ્યોરક્ષન્તામ્ યદહ્ના પાપમકાર્ષમ્ શિશ્ના ।**
**મનસા વાચા હસ્તાભ્યામ્ । પદાભ્યામુદરેણ શિશ્ના ।**
**અહસ્તદવલુમ્પતુ । યત્કિંચ દુરિતં મયિ ।**
**ઈદમહં મામૃતયોની સત્યે જ્યોતિષિ જુહોમિ સ્વાહા ।**

**(તૈ૦ આ૦ ૧૦-૩૨)**

"અગ્નિ એટલે કે પ્રકાશમય અને તપ એટલે કે જ્ઞાનમય પરમાત્મા અને તેમની શક્તિઓ ક્રોધ વગેરે વૃત્તિઓથી ઉત્પન્ન થયેલાં પાપોથી મારું રક્ષણ કરો. જે પાપ મેં દિવસે કર્યું છે; મન, વાણી અથવા હાથોથી કર્યું છે; પગ, પેટ અને જનનેન્દ્રિયથી કર્યું છે એનો લોપ થઈ જાવ. જે પાપ મારામાં છે એનો લોપ થઈ જાવ. હું મને પોતાને અમૃત યોનિમાં કે જે સત્ય-જ્યોતિરૂપ પરમાત્મા છે એમાં સ્વાહા બોલીને આહુતિ રૂપે હોમું છું."

વેદોમાં જે અગ્નિની હજારો મંત્રોથી સ્તુતિ કરવામાં આવી છે એ ચૂલામાં બળતો અગ્નિ નથી, પરંતુ વ્યષ્ટિ અને સમષ્ટિને દરેક દિશામાં પ્રકાશિત તથા પ્રભાવિત કરનારી દિવ્ય તેજસ્વી જ્યોતિ છે. આ જ યજ્ઞાગ્નિ છે, આનું જ વૈશ્વાનર રૂપે, આદિત્ય અને સવિતા રૂપે પૂજન કરવામાં આવે છે. અગ્નિ અને સૂર્યમાં પણ એ જ દિવ્ય તેજસ્વિતા મોજૂદ છે. એટલે જ એને તેમનામાં રહેલી હોવા છતાં પણ ભિન્ન માનવામાં આવી છે. શ્રુતિ કહે છે—

"અગ્નિની અંદર રહીને અગ્નિને નિયંત્રિત કરે છે, એ જ તમારો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અંતર્યામી આત્મા છે."

સવારમાં ઊગે છે અને સાંજે આથમે છે એ સૂર્ય સાવિત્રીનો દેવતા સવિતા નથી. એ તેની એક પ્રતિમા માત્ર છે. સૂર્ય શરીર છે અને સવિતા એનો આત્મા છે. જે સર્વત્ર પ્રકાશ, જીવન, જાગૃતિ અને ચેતના ઉત્પન્ન કરે છે એ સવિતા છે. આમ તો દૃશ્ય સૂર્યમાં પણ આ ગુણો છે, પરંતુ આત્મામાં આ વિશેષતાઓનો પ્રેરક અને સ્થાપક પરબ્રહ્મ પરમાત્મા જ છે. સાવિત્રી તેની જ અખંડ શક્તિ છે. બંનેનો પરસ્પર આધારિત સંબંધ છે. એકનું કાર્ય બીજા પર સંપૂર્ણ રીતે આધારિત છે. એક દેવતા છે, તો બીજી દેવી છે. એક પ્રાણ અને બે શરીરની જેમ બંનેને અવિભાજ્ય જ સમજવાં જોઈએ.

સાવિત્રી-ગાયત્રીના માધ્યમથી જ સવિતા-પરબ્રહ્મ સુધી આપણે પહોંચી શકીએ છીએ. માતા દ્વારા જ પિતાનો પરિચય થાય છે. માતાનું માધ્યમ ન હોય તો પિતાનો પરિચય, સંબંધ અને અનુગ્રહ પ્રાપ્ત થઈ શકવાનું કોઈ પણ રીતે શક્ય નથી. એ જ રીતે ગાયત્રી મહાશક્તિની મદદ લીધા વિના પરબ્રહ્મના સૃષ્ટિસામ્રાજ્યમાં આત્માને ખુલ્લેખુલ્લા રાચવાનું, યુવરાજ બનવાનું અને અનંત ઐશ્વર્ય પર અધિકાર મેળવવાનું સૌભાગ્ય મળી શકતું નથી.

ઉપનિષદમાં આ તથ્યને વધારે વિસ્તારથી ઉદાહરણો સાથે રજૂ કરવામાં આવ્યું છે. એનો ઉલ્લેખ આ પ્રમાણે છે—

**કસ્સપિતા કા સાવિત્રી ?**
**અગ્નિરેવ સવિતા પૃથ્વી સાવિત્રી ॥**
**કસ્સવિતા કા સાવિત્રી ? વરુણ એવં સવિતાડડપસ્સાવિત્રી ॥**
**કસ્સવિતા કા સાવિત્રી ? વાયુરેવ સવિતાડડશસ્સાવિત્રી ॥**
**કસ્સવિતા કા સાવિત્રી ? યજ્ઞ એવ સવિતા છન્દાંસિ સાવિત્રી ॥**
**કસ્સવિતા કા સાવિત્રી ? સ્તનયિત્નુરેવ સવિતા વિધુત્સાવિત્રી ॥**
**કસ્સવિતા કા સાવિત્રી ? આદિત્ય એવ સવિતા ધૌસ્સાવિત્રી ॥**
**કસ્સવિતા કા સાવિત્રી ? ચન્દ્ર એવ સવિતા નક્ષત્રાણિ સાવિત્રી ॥**
**કસ્સવિતા કા સાવિત્રી ? પુરુષ એવ સવિતા સ્ત્રી સાવિત્રી ॥**



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**એવં જ્ઞાત્વા વિદ્વાન્ કૃતકૃત્યો ભવતિ, સાવિત્ર્યા એવં સલોકતા જુવતીત્યુપનિષદ્ ॥**

"સવિતા અને સાવિત્રી કોણ છે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવ્યું છે કે અગ્નિ સવિતા છે, પૃથ્વી સાવિત્રી છે. વરુણ સવિતા છે અને જળ સાવિત્રી છે. વાયુ સવિતા છે અને આકાશ સાવિત્રી છે. યજ્ઞ સવિતા છે અને ઋચા સાવિત્રી છે. મેઘ સવિતા છે અને વીજળી સાવિત્રી છે. સૂર્ય સવિતા છે અને આકાશ સાવિત્રી છે. ચંદ્ર સવિતા છે અને નક્ષત્ર સાવિત્રી છે. મન સવિતા અને વાણી સાવિત્રી છે. પુરુષ સવિતા અને સ્ત્રી સાવિત્રી છે. આ સર્વવ્યાપક તેજોમય સાવિત્રીને જે વિદ્વાનો જાણે છે તેઓ ધન્ય થઈ જાય છે. સાવિત્રીથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે."

પ્રશ્નના રૂપમાં સવિતા-સાવિત્રીનું રૂપ ઉપરના મંત્રમાં પૂછવામાં આવ્યું છે અને ઉદાહરણો સાથે એનો ઉત્તર પણ આપવામાં આવ્યો છે. સવિતા અને સાવિત્રીનાં જોડાંને દાખલાઓ સાથે બીજાં જોડાંને મળતું જણાવીને જિજ્ઞાસુની શંકાનું સમાધાન કરવામાં આવ્યું છે.

જળ દશ્ય પદાર્થ છે, વરુણ એની અધિષ્ઠાત્રી શક્તિ-આત્મા છે. વાયુનો નિવાસ આકાશમાં છે. આકાશ ન હોય તો વાયુ ક્યાં રહી શકે ? વાયુ ન હોય તો આકાશનો ઉપયોગ ક્યાં રહે ? એ જ રીતે આદિત્યનો આધાર પૃથ્વી પર છે.

મંત્ર મોટો છે. એમાં કેટલાંય જોડાંનું ઉદાહરણ આપીને જિજ્ઞાસુના હૃદયમાં એવું તથ્ય ઉતારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે જીવનનું સાધ્ય, લક્ષ્ય બ્રહ્મ છે અને એનું સાધન ગાયત્રી છે. જો કોઈને ખરેખર બ્રહ્મપ્રાપ્તિ કરવી હોય, બ્રાહ્મી સ્થિતિ, બ્રહ્મપરાયોગતા, બ્રહ્મનિર્વાણ અને બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, તો તેણે બ્રહ્મતેજની અધિષ્ઠાત્રી દેવી ગાયત્રીનો આધાર લેવો જોઈએ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# સવિતા પર એક વૈજ્ઞાનિક દૃષ્ટિ

વિશ્વરચનાનાં બે મુખ્ય તત્ત્વો છે—એક 'પ્રાણ' અને બીજું 'ભૂત' (પ્રાણને આધ્યાત્મિક ભાષામાં 'દેવ' કહે છે). આ બંને તત્ત્વોનું જ્યાં જ્યાં મિલન થાય છે, ત્યાં દૃશ્ય પ્રકૃતિ, ગતિમાન અને ક્રિયાશીલ જીવનનાં દર્શન થવા લાગે છે. માત્ર 'ભૂત' – પદાર્થ પ્રાણ વિના સ્પંદન કરી શકતો નથી. એટલે ભૌતિક જીવનમાં જ્યાં જ્યાં જીવનતત્ત્વ છે એ પ્રાણ જ છે. આને જ 'ગાયત્રી' કહે છે.

માનવશરીરમાં આ બંને શક્તિઓ સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે. બાળપણમાં નાનકડા પંચભૌતિક પદાર્થોના પિંડે નાનો શો પ્રાણ ધારણ કર્યો હતો. તે વખતે તેની શક્તિ અને તેજસ્વિતા ઓછી હતી, પરંતુ જેમ જેમ શરીરનો વિકાસ થાય છે અને શરીરમાં પ્રાણનું પ્રમાણ વધે છે તેમ તેમ શક્તિ અને ક્રિયાશીલતા પણ વધે છે. ઉંમરના આ બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થાના ક્રમને "ગાયત્રીની સમિધા" કહેવામાં આવી છે, કારણ કે તેમનામાં પ્રાણતત્ત્વ બળતું રહે છે.

ત્યાર બાદ બંને તત્ત્વો ફરીથી અલગ અલગ થઈ જાય છે. પ્રાણ નીકળી જાય છે અને પંચભૂતોથી બનેલું પ્રાકૃતિક શરીર પડી રહે છે. આ છૂટા પડી ગયેલા શરીરનું ઋગ્વેદમાં આ પ્રમાણે વર્ણન કહ્યું છે.

**યદિંગાયત્રે અધિંગાયત્ર માહિતમ્ । – ઋગ્વેદ ૧/૧૬૪/૨૩**

એટલે પંચભૂતોથી બનેલું શરીર મરણધર્મા ગાયત્રી છે. એમાં વિચારનારી, સમજનારી, સુખદુઃખ અનુભવનારી અને વ્યાકુળતા વ્યક્ત કરનારી શક્તિ પ્રાણ હતી. શરીર નિસ્પંદ અને અનુભવ વિનાનું હોય છે. એટલે એકલાં સુખદુઃખ જ નહિ, પરંતુ માનવજીવનની બધી હિલચાલ, ગતિ, પરિવર્તન, ઉન્નતિ તથા પતનનું કારણ પણ પ્રાણ જ છે.

જો સૂક્ષ્મ રીતે વિચારીશું તો જણાશે કે શરીરનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં ક્રિયાશીલ રહેતો પ્રાણ પણ ભૌતિક છે. એને કિરણો, જ્યોતિ અથવા અગ્નિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેવું કોઈ સ્થૂલ તત્ત્વ કહી શકાય. એને નિયંત્રિત અને પ્રેરિત કરનારી એક ત્રીજી મનોમય શક્તિ છે. એની જ ઇચ્છા અને સંકલ્પશક્તિથી શરીરની પ્રવૃત્તિઓ ચાલે છે. એટલે ગાયત્રી નામના એક જ શબ્દમાં પંચભૌતિક શરીર, પ્રાણ અને મન આ ત્રિશક્તિનું સમગ્ર રૂપ આવી જાય છે. શાસ્ત્રોમાં એને સાંસારિક ક્લેશો અને જંજાળોમાંથી મુક્તિ અપાવનારી વિદ્યા કહેવામાં આવી છે. એટલે કે જેઓ વિચારપૂર્વક આ ત્રણેય શક્તિઓનો જુદો જુદો અનુભવ કરે છે તેમની પછી અધોગતિ થતી નથી. **"તુમ હિં જાન કછુ રહે ન શેષા, તુમહિં પાય કછુ રહે ન ક્લેશા"** એટલે કે તને જાણ્યા પછી કશું જાણવાનું બાકી રહેતું નથી અને તને મેળવ્યા પછી કોઈ ક્લેશ રહેતો નથી. આ ગાયત્રી શક્તિની સ્તુતિ છે. એ હવે વિજ્ઞાનસંમત પણ છે.

ગાયત્રીની ઉત્પત્તિ ક્યાંથી થઈ છે એ પ્રશ્ન બાબતમાં ઉપનિષદ્કારો કહે છે–

**દેવાત્મ શક્તિમ ત્વગુણે નિગૂઢઃ ।**

એટલે કે દેવમાયા અથવા ઇન્દ્રશક્તિ જ એ સત્તા છે, કે જે વિશ્વગાયત્રી રૂપે એટલે કે અનેક રૂપોમાં વિચરે છે. આ દેવશક્તિ અથવા ઇન્દ્ર કોણ છે ?

**"તસ્ય દશ્ય શતાદશ"**

સૂર્ય જ એ ઇંદ્ર છે. એનાં હજારો કિરણો છે. એક એક કિરણ એક એક રૂપ છે. આ કિરણોમાં પ્રાણશક્તિ ભરેલી હોય છે. સૂર્યને ત્રણ વિદ્યાઓનો સમૂહ પણ કહેવામાં આવ્યો છે. એટલે કે જે રીતે ગાયત્રી શરીર, પ્રાણ અને મનના રૂપમાં ધરતીમાં મોજૂદ રહે છે, એ જ રીતે સૂર્ય પોતે એવી જ એક ગાયત્રી છે. આ રીતે સૂર્યને એક વિરાટ પુરુષની ઉપમા આપવામાં આવે કે જે એક વ્યાપક ક્ષેત્રમાં બિલકુલ મનુષ્યની જેમ ક્રિયાશીલ રહે છે, વિચાર પણ કરી શકે છે, વ્યાકુળ થઈ શકે છે, દંડ અને ઇનામ આપી શકે છે તથા હર્ષ, શોક, સંતાપ અને અસંતોષ વ્યક્ત કરી શકે છે, તો એમાં કશું આશ્ચર્ય થવું જોઈએ નહિ.

મનુષ્ય એક નાની ગાયત્રી છે અને સૂર્ય એક વિરાટ ગાયત્રી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નાની ગાયત્રીને જ્યારે વિરાટ ગાયત્રી સાથે જોડી દેવામાં આવે છે ત્યારે એ પણ એવી જ શક્તિ અને સંપન્નતાનો અનુભવ કરવા લાગે છે. ધનવાન પિતાનો પુત્ર પોતાની પાસે કશું ન હોવા છતાં પણ પોતાના પિતાની જેમ ધનનું અભિમાન કરી શકે છે અને ગમે તેટલો ખર્ચ કરી શકવાનો વિશ્વાસ રાખી શકે છે. એટલે ગાયત્રીના વિરાટ સ્વરૂપને મનુષ્ય પામી જાય છે ત્યારે તે સૂર્ય ભગવાન જેટલી ક્ષમતાવાળો થઈ શકે છે. આને જ શક્તિ અથવા સિદ્ધિ કહે છે.

એ જાણવાનું જરૂરી છે કે શું ખરેખર સૂર્ય મનુષ્યની માફક ત્રિશક્તિવાળો વિરાટ પુરુષ હોઈ શકે ?

સૂર્યનાં કિરણોના વર્ણનમાં વિજ્ઞાનીઓ કહે છે કે એ ત્રણ રંગોનું (સાત રંગો આ ત્રણ રંગોના મિશ્રણથી બને છે. મૂળ રંગો ત્રણ જ છે.) મિશ્રણ છે. સ્પેક્ટ્રોમીટરથી આ રંગોને અલગ કરીને બતાવી શકાય છે. જો મનુષ્ય અને સૂર્યમાં આવું કંઈક સરખાપણું હોય તો માનવશરીરમાં પણ આ રંગો જણાવા જોઈએ, પરંતુ અહીં તો લોહીનો રંગ લાલ છે. પછી એ બેમાં સરખાપણું ક્યાં રહ્યું ?

વિજ્ઞાનનો વિદ્યાર્થી જાણે છે કે લોહીનો રંગ લાલ નથી. કેટલાંક તત્ત્વોના મિશ્રણથી એ લાલ દેખાય છે. નહિ તો લોહીના જીવાણુઓ પીળા રંગના હોય છે. આજકાલ મૃત્યુની સંપૂર્ણ તપાસ માટે ચામડીમાં 'યૂરેનાઈન' નામનું ઈંજેક્શન આપવામાં આવે છે. જો મનુષ્યનું મૃત્યુ થયું ન હોય અને લોહીનો સંચાર ચાલુ હોય, તો આ ઈંજેક્શનથી ચામડીનો રંગ પીળો અને લીલો થઈ જાય છે. ત્રીજો વાદળી રંગ લાલ રંગની ગાઢતાને લીધે જોઈ શકાતો નથી. નહિ તો આ વિધિથી શરીરની આ ત્રિશક્તિનું સ્પષ્ટ પૃથક્કરણ થઈ જાય છે. મરેલા શરીરમાં ઈંજેક્શનની કશી અસર થતી નથી.

પ્રત્યક્ષ રીતે નિર્વિકાર જણાતા સૂર્યના સંબંધમાં સૌથી પહેલાં ઈંગોલસ્ટાડના પાદરી ક્રિસ્ટોફ શાઈનરે એક એવો સંદેશો પોતાના અધ્યક્ષ પાદરીને આપ્યો હતો કે સૂર્યમાં કાળાં કાળાં ધાબાં અસ્તિત્વ ધરાવે છે, પરંતુ એરિસ્ટોટલના પુસ્તકમાં એવું કશું લખેલું ન હતું. એટલે બિચારા શાઈનરને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સખત ઠપકો સાંભળવો પડ્યો, પરંતુ સદ્ભાગ્યે એ જ અરસામાં ગેલીલિયોએ દૂરદર્શક યંત્રની મદદથી એ વાતનું સમર્થન કર્યું કે સૂર્યમાં ખરેખર ધાબાં છે અને આ ધાબાં હિલચાલ કરતાં રહે છે. કોઈ વખત તેઓમાં સ્ફોટ થવાથી એ ફેલાઈ જાય છે, કોઈ વખત એક ધાબું અલોપ થઈ જાય છે અને એની નજીકનું ધાબું વીજળીની જેમ ચમકવા લાગે છે. કેટલીકવાર તેઓ ઘણા ભાગોમાં વહેંચાઈ જાય છે અને પછી કેટલાંક મળીને એક થઈ જાય છે. પહેલાં આ હિલચાલોનું કારણ વિજ્ઞાનીઓ જાણી શક્યા ન હતા, પરંતુ ધીરે ધીરે ખબર પડી કે આ બધાં તપેલા વાયુઓના વિશાળ વંટોળિયા છે અને એમનો મનુષ્યની ઇચ્છાશક્તિ સાથે બરાબર મેળ ખાય છે.

સૂર્ય ભગવાનનું ક્રિયાક્ષેત્ર એકલી પૃથ્વી જ નહિ, પરંતુ અનેક ગ્રહનક્ષત્રો સુધી વ્યાપેલું છે. મનુષ્યની આંખો એવી નથી કે એ આટલા વ્યાપક ક્ષેત્રને જોઈ શકે, પરંતુ જ્યારે તે પોતાનો સંબંધ સૂર્યદેવ સાથે જોડી લે છે (ધ્યાન વિજ્ઞાન દ્વારા) ત્યારે તે બ્રહ્માંડોનાં રહસ્યોને પણ જાણવા લાગે છે. એ ઉપરાંત અમુક હદ સુધી સૃષ્ટિમાં આવી રહેલાં પરિવર્તનોને ઓછાં વત્તાં પણ કરી શકે છે. એટલે કે આ રીતે આધ્યાત્મિક પુરુષો મોટી મોટી દૈવી હિલચાલોનું એકલું જ્ઞાન જ મેળવતા નથી, પરંતુ એમને ઓછી અથવા બિલકુલ સમાપ્ત પણ કરી શકે છે.

મનુષ્યના જીવનમાં ગાયત્રીના પ્રગટીકરણના સ્વરૂપને વ્યક્ત કરતાં શાસ્ત્રકારે જણાવ્યું છે—**"મન એવ સવિતા"**—એટલે કે મન જ સવિતા છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યારે મન અને 'સૂર્યદેવ'ની એકરૂપતા થાય છે (જપ સાથે સૂર્યતેજની મધ્યમાં રહેલી ગાયત્રીનું ધ્યાન કરવામાં આવે છે) ત્યારે સૂર્યદેવની ભર્ગશક્તિ મનુષ્યના અંતઃકરણમાં પ્રવેશે છે અને પ્રકૃતિ સાથે મેળાપ કરાવે છે. એટલે કે પ્રકૃતિ કોઈ જગાએ દોષિત થઈ રહી હોય (શારીરિક અથવા માનસિક રૂપે) તો એને બરાબર કરે છે. જ્યારે એકરૂપતાની સ્થિતિ એવી થઈ જાય કે ધ્યાન કરતાં મનનો અગ્નિ અને સૂર્ય એકરૂપ થઈ જાય, ત્યારે એને ગાયત્રી સિદ્ધિ કહેવાય છે. ત્યારે તે મનુષ્ય ગાયત્રીની સંપૂર્ણ શક્તિ અને અનુભૂતિનો સ્વામી બને છે અને પ્રકૃતિમાં પરિવર્તનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે.

શાસ્ત્રકારે કહ્યું છે કે એક ગાયત્રી મનુષ્ય છે અને બીજી ગાયત્રી સૂર્ય છે. બંનેમાં વિલક્ષણ સામ્ય છે. આ વિષયને હવે વિજ્ઞાન પણ સિદ્ધ કરી રહ્યું છે. એનો થોડો ખ્યાલ ઉપર આપ્યો છે. જયારે ગાયત્રી તત્ત્વની વિસ્તૃત સાધના અને ઊંડી તપાસ કરવામાં આવશે ત્યારે જ એનું વિસ્તૃત જ્ઞાન થશે. આ એ વિદ્યા છે કે જે શરીરબળ, સાંસારિકબળ અને આત્મબળ આપીને ઉપાસકનું ખૂબ હિત કરે છે.

● ● ●



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org